# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૬૬ • તા.૧૫ થી ૨૧ જુલાઈ ૨૦૨૩




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# શ્રી જખૌ રત્નટુંક તીર્થ જિનાલયનો ૧૭૬મો ધ્વજા મહોત્સવ

જેઠ સુદ ૧૦-૧૧, ૨૦૭૯ — ૨૯-30 મે, ૨૦૨૩


















Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સ્ત્રી એટલે ઘરનો પાયો

કોઈ વિચારક એ ખરું કહ્યું છે કે પુરૂષ ચાર દિવાલો ઉપર છાપરું બાંધીને મકાન બનાવી શકે છે. પણ આ મકાનને ઘર સ્ત્રી બનાવે છે. ત્યાગ, સમર્પણ અને સુશ્રુષા ભાવથી એ આ કામ સુપેરે કરી શકે છે. વિધાતાના નવનિર્માણની કળાકૃતિનો પર્યાય એટલે સ્ત્રી. અસ્તિત્વની ઉજવણી કરી જાતે સંઘર્ષ પથ પર પ્રકાશ પુંજ પાથરનારી વ્યક્તિ એટલે સ્ત્રી. જિંદગીના રંગમંચ પર રિહર્સલ વગર પૂર્વ લેખિત સ્ક્રીપ્ટ વગર પોતાની ભૂમિકા સફળતાપૂર્વક નિભાવતું ઈશ્વરનું અદ્ભૂત સર્જન એટલે સ્ત્રી.

છેલ્લા બાર માસ ઉપરાંતથી કોરોનાના કપરા કાળના સમય ગાળા દરમ્યાન આર્થિક, માનસિક શારીરિક એમ ત્રિવિધ કષ્ટ ઝેલીને પરિવાર માટે આધારસ્તંભ બનીને અડગ અને અડીખમ ઊભી છે. ન કોઈ સાપ્તાહિક છૂટી, ન કોઈ વેકેશન, ન કામ ફરજના કોઈ નિશ્ચિત કલાકો તે છતાં ૨૪×૭×૩૬૫ દિવસ અખંડ અને અવિરત રોબોટની જેમ યંત્રવત અને ઘરના દરેક નાના મોટા સભ્યોને સંતોષ તેમજ સમાધાનપૂર્વક સગવડો કરી આપે છે. જેમાં તેઓને ફરિયાદનો કોઈ મોકો પણ મળતો નથી. તેની સામે એને શું મળે છે? એનો કોઈ વિચાર કર્યો છે ખરો?

અત્યારની સ્ત્રી ભણી ગણી ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. પોતાના જ્ઞાન, શિક્ષણ અને યોગ્યતાના બળે પગભર પણ છે. અગાઉના સમયમાં ઘરની દીકરી ભણતરમાં હોંશિયાર હોવા છતાં તે વધુ આગળ કેળવણી મેળવે એ માટે માવતરો નાખુશ રહેતાં છોકરીને વધુ ભણીને શું કરવું છે. આખરે સાસરે જઈ ચૂલા ચોકા જ કરવા છે ને? રસોઈ અને ઘરકામમાં માહિર હોવું એ જાણે પ્રત્યે દીકરીની યોગ્યતા ગણાતી. દરેક પુત્રીને તું તો પારકી થાપણ કહેવાય. એવું કહીને એ આ ઘરમાં ટૂંક સમય માટે જ છે એવી વિચાર ભાવના જણાવાતી. સ્ત્રી શારીરિક રીતે કમજોર નથી હોતી કે નથી હોતી માનસિક રીતે. પણ પુરૂષ સમાજ તેને કમજોર ગણાવી તેની શક્તિને બહાર પ્રગટ કરવા નથી દેતો. એટલે જ્યારે તેને મોકો મળે ત્યારે પૂરે પૂરી રીતે પોતાની આંતરિક પ્રતિભા બહાર છલકાવી દે છે અને પોતે પુરૂષથી સહેજે ઉતરતી નથી એ સાબિત કરી દે છે.

મનુ સ્મૃતિમાં વેદકાળથી यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवता એમ કહેવાયું છે. એટલે જે પરિવારમાં સ્ત્રીની શક્તિની, તેની ભાવનાની કદર થાય છે, સન્માન થાય છે ત્યાં દેવો પણ નિવાસ કરે છે. તો આજનો કવિ એવું લખ્યું છે કે अपमान मत करना, नारीयों का इनके बल पर जग चलता है, पुरुष जन्म लेकर तो इन्हीं की गोद में पलता है।

જે ઘર આંગણામાં બીજ બનીને રોપાઈ વીસ બાવીસ વર્ષ ઉછરી પરિપક્વ વૃક્ષ બનીને મહોરે ત્યાંથી ઉખડીને અન્ય આંગણામાં નવી જમીન, નવા માહોલમાં નવા ખાતર પાણીથી સેટ થાય છે. એમ નવો પરિવાર, નવા સંસ્કાર, નવા આચાર વિચારમાં ભળી જેમ સરિતા સાગર સમાઈ જાય છે એમ ભળી જાય છે. આ ત્યાગ, સમર્પણ કેવળ સ્ત્રી જ કરી શકે છે એટલે જ ઘરનો પાયો સ્ત્રી છે. જેની ઉપર ઘરનો ભાર, મદાર અને આધાર રહેલો છે.

-જય જ્ઞાતિમૈયા

# વેદનાની વાચા

દુઃખ, મુશ્કેલી અને વિપત્તિ આવેથી મન હતાશ થઈ જાય છે. અંતરમાં ઉદ્વેગ વધી જાય છે. જીવતર કડવું ઝેર બની ગયાનું ભાસે છે અને ભાવિ સમયનો ભય સતાવ્યા કરે છે. આપણો વિપત્તિનો સમય જોનાર શું કહેશે એની કલ્પનાથી મનમાં ધ્રુજારી વ્યાપે છે. કોઈ ઈતર આપણા વિષે શું ધારશે, વિચારશે, નજીકના લોકોના શો પ્રતિભાવ હશે એ ચિંતાઓથી માણસ ઘેરાઈ જાય છે. હકીકતમાં દુઃખ એટલું મોટું નથી હોતું પણ ભયના કારણોસર તેની માત્રા અનેક ગણી વધી જાય છે. મોટા ભાગના દુઃખો માનસિક હોય છે. મનનું ધ્યાન અન્ય પ્રવૃત્તિ પર કેન્દ્રિત કરી દેશું તો મન પરનો બોજો હટી જશે અને એ દુઃખ તાત્કાલિકપણે ભૂલી શકાશે. દુઃખોને વાગોળી વાગોળીને ઘેરા બનાવી દઈએ છીએ. સુખ કરતા દુઃખનું સ્મરણ લાંબો સમય ચાલે છે. વિચારો અને કલ્પનાઓના ઘોડાઓ દોડાવી દોડાવીને જખમોને પંપાળતા રહીએ છીએ. પણ કોઈ સમસ્યા એવી નથી જેનું નિરાકરણ ન હોય. માત્ર આ માટે હિંમત, ધીરજ અને આત્મવિશ્વાસ હોવું જરૂરી છે. સમયની સાથે બધી મડાગાંઠો ઉકેલાઈ જતી હોય છે, બધું ય ઠરીઠામ થઈ જાય છે. એ પછી માણસ ઘટી ગયેલી ઘટનાઓ અંગે વિચારે તો તેને લાગે છે કે આ બધી વ્યથા સંતાપ અને પળોજણ નાહકનું વેઠ્યું. આ બોજો જરૂરી ન હતો. પણ માનવ માત્રનો સ્વભાવ છે કે દુઃખના સમયમાં માણસ સ્થિર રહી શકતો નથી. તેનું મન આ અંગે કેન્દ્રિત થઈ શકતું નથી જેને લીધે તેને બીજું કંઈ સૂઝતું નથી.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં આપણા ધાર્યા પ્રમાણે સુખ અને દુઃખ હોતા નથી. સગવડત અને અગવડતા પ્રમાણે આપણને અનુકૂળ હોય તે સુખ લાગે છે અને પ્રતિકુળ હોય તો દુઃખ લાગે છે. સ્થિરતા, સમતા અને સમજણ કેળવી એ તો બધી બાબતો અનુકૂળ અને સ્વીકાર્ય બની જાય છે. દુઃખને સહજતાપૂર્વક દૂર કરવાનો સરળ ઉપાય છે. પરિસ્થિતિનો સ્વીકાર આપણે કોઈપણ બાબતને જેવી છે તેવી સ્વીકારી લઈએ. ત્યારે મનનો ઊભરો શાંત થઈ જઈ આંતરિક શક્તિ ઊભી થાય છે. જેના લીધે આંતરિક શક્તિ મળે છે. જેને લીધે ઊભી થયેલી વિપરીત પરિસ્થિતિને દૂર કરવા માટે નવી શક્તિ મળે છે. નવું બળ પ્રાપ્ત થાય છે.

કોઈપણ સતત ક્રોધમાં કે વ્યગ્રતામાં રહી શકતો નથી. આ ઊભરો શમી જવા માટે સર્જાયેલો હોય છે. અંદરનો ડોળ ધીરે ધીરે દબાઈ જાય છે અને માણસ દુઃખને ભૂલીને સુખના ખ્યાલમાં ઢળવા માંડે છે. તે છતાંય કેટલાક દુઃખોને ટાળી શકાતા નથી. તેની વાસ્તવિકતાનો સ્વીકાર કરવો એ જ એને દૂર કરવાનો ઉકેલ છે. મૃત્યુનું દુઃખ આ પ્રકારનું છે. માત્ર સમયની સાથે તેની યાદો વિલીન થઈ જાય છે.

કોઈપણ કપરાં સંજોગોથી ગભરાઈ જવાથી કશું વળવાનું નથી. આખરે તો મુસીબત સામે, કપરા સંજોગો સામે લડ્યે છૂટકો છે. જેનો આપણે હસતે મોઢે આ પડકારનો સામનો કરીએ કે દુઃખી વદને પીડા સહન કરીએ. આ બેમાંથી એકની પસંદગી કરવાની હોય છે. ઘણી વખત દુઃખોનો તાગ મેળવવાનું અતિ કઠિન હોય છે. કોઈના દુઃખની વેદના ચહેરા પરથી જાણી શકાતી નથી. હૃદયમાં ભરેલી ઊંડી વેદનાને વાચા આપી શકાતી નથી.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૮ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

### મહાકાળી માતાજીની ભાવના














# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૮ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

### આચાર્ય ભગવંતનું સામૈયુ









# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૮ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

### આચાર્ય ભગવંતનું સામૈયુ










# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

### સત્તરભેદી પૂજા















# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૮ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

### સત્તરભેદી પૂજા















# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૮ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

### સત્તરભેદી પૂજા












# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

### સત્તરભેદી પૂજા















# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ







શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ જેઠ સુદ ૧૧, તા. ૩૦ મે ૨૦૨૩ બે દિવસીય મહોત્સવ રૂપે આનંદ મંગલ અને ઉત્સાહપૂર્વક ઉજવાયું.

આ પ્રસંગે સરળ સ્વભાવી, જખૌ રત્ન, ૨૩ વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ. કવીન્દ્રસાગરસુરીશ્વરજી આદિ ઠાણાની નિશ્રા પ્રાપ્ત થઈ હતી.







# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૮ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ




તા. ૨૯.૫.૨૦૨૩ ના મુંબઇ અને દેશાવરથી ૨૦૦ ભાવિકો જખૌ ખાતે પધાર્યા હતા અને ૫૦ જેટલા સ્થાનિકે વસતા જખૌવાસી જ્ઞાતિજનો ઉલ્લાસ પૂર્વક જોડાયા હતા.

સાંજે મહાકાળી માતાજીની ભાવના બહોળી સંખ્યામાં વચ્ચે ભક્તિભાવ પૂર્વક ભણાવવામાં આવેલ. ભાવનાના લાભાર્થી પરિવાર માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા અને માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા હતા.

ભાવનામાં શ્રી કિશોર સંગાર અને સાથી કલાકારો અને ધરિણી મોતા એ સંગીત સાથે સુરાવલી રેલાવી હતી અને ઉપસ્થિત જ્ઞાતિજનો ભક્તિભાવમાં ઝૂમી ઉઠ્યા હતા.

તા.૩૦ના વહેલી સવારે ભાવિકો જખૌ ગામના દ્વારે આચાર્ય ભગવંતના સ્વાગત માટે ઢોલ શરણાઈ સાથે ૭ ના ટકોરે ભેગા થયા હતા. દૂરથી મહારાજ સાહેબને આવતા જોઈ જયઘોષના નાદ થી સ્વાગત કર્યું હતું. રસ્તામાં, સ્થાનિકે વસતા તેમજ બહારથી પધારેલ બહેનોએ  ઠેક-ઠેકાણે ગહુલીઓથી આચાર્ય ભગવંતને વધાવ્યા હતા. સામૈયામાં જૈનેતર ગામવાસીઓ પણ ઉમંગભેર જોડાયા હતા.






# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ





આ પ્રસંગે અચલગચ્છધિપતિ પ.પૂ.આ.ભ. કલાપ્રભસાગરસુરીશ્વરના સંદેશ સાથે માંગલિકનો વીડિયો તેમજ પ.પૂ. સાધ્વીશ્રી મહોદાયશ્રીજી મ.સા. તેમજ પ.પૂ. સાધ્વીશ્રી યશોદાયશ્રીજી મ.સા.ના સંદેશનું વાંચન કરવામાં આવેલ.

પ.પૂ.આ.ભ. કવીન્દ્રસાગરસુરીશ્વવરજી તથા પ.પૂ.મુનિરાજ કલ્પતરૂસાગરજી મ.સા. એ પ્રસંગોચિત આશીર્વચન આપી માંગલિક સંભળાવ્યું હતું. માંગલિક બાદ બધાએ નવકારશીનો લાભ લીધો હતો. વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા અને પ્રવીણભાઈ સાવલા એ શ્રી કિશોર સંગારના સથવારે સત્તરભેદી પૂજા ભણાવી હતી. આચાર્ય ભગવંત એ બધી ધજાઓને મંત્રોચ્ચાર સાથે વાસક્ષેપથી અભિમંત્રિત કરી હતી.

આચાર્ય ભગવંત ને કામળી વોહરાવવાનો લાભ ચડતા ભાવે આચાર્ય સાહેબ ના ભક્ત અને જખૌ ના આગેવાન શ્રી કાળુભા વેલુભા જાડેજાએ લીધો હતો.

આ પ્રસંગે માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા પરિવારે અષ્ટપ્રકારી મીના કારીગરીવાળો પૂજાનો સેટ દેરાસરને અર્પણ કરેલ. શ્રી જયરાજભાઈ ધનપતી કાયાણી એ ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય માટે નવો ભંડારો આપવાનું જાહેર કરેલ.











# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ

## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ






ઢોલ શરણાઈના નાદ સાથે બધા લાભાર્થીઓએ ઉમંગપૂર્વક ધ્વજારોહણનો લાભ લીધો હતો.

ધ્વજારોહણ વખતે નલિયા, જસાપુર, લાલા, રાપર ગઢવારી થી અતિથિઓ પધારેલ. ધ્વજારોહણ બાદ બધા નૂતન અતિથિગૃહ ના નામકરણ માટે ભેગા થયા હતા.

વિંગ દાતા શ્રી કાંતિલાલ કરમશી વીકમશી પરિવારના વસંતભાઈ, શ્રીમતી કાશ્મીરાબેન, કુણાલભાઈ, પ્રતીકભાઈ, તથા વિપુલભાઈ સહપરિવાર મળીને શ્રી કાંતિલાલ કરમશી વીકમશી અતિથિગૃહના તખતીનું અનાવરણ તાળીઓના ગડગડાટ વચ્ચે કર્યું હતું. ત્યારબાદ શ્રી કાંતિભાઈના છાયાચિત્રનું અનાવરણ કુટુંબીજનોની હસ્તે કરાયું હતું. મહાજન પ્રમુખ તરીકે શ્રી કાંતિભાઈની સેવાઓ અને એમનો મિલનસાર સ્વભાવ યાદ કરતાં બધાની આંખો ભીની થઇ હતી. ત્યાર બાદ બધા રૂમ અને ફર્નિચર ના દાતાઓ/ પ્રતિનિધિઓના હસ્તે રૂમની તકતીનું અનાવરણ કરવામાં આવેલ. શ્રી કાંતિલાલ કરમશી વીકમશી અતિથિગૃહ માં ૧૨ આધુનિક સુવિધા સાથેના વતાનુકૂલિત રૂમો, તેમજ ૨ મીની ડોરમીટરી અને ૨ પેન્ટ્રી કમ સ્ટોર રૂમો છે.

# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ






































# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ















નામકરણ ભલે હમણાં થયું પણ અતિથિગૃહ ગત ધ્વજા ઉત્સવથી આંશિક રીતે વપરાશમાં છે અને લોકપ્રિય સાબિત થયું છે. ત્યાર બાદ બધાએ રસપુરીની મિજબાની માણી હતી.

જમણવારની વ્યવસ્થા પ્રતીક કેટરર્સ અને ફોટોગ્રાફી શ્રી રીષભભાઈ નાગડા એ સાંભળેલ. બધા લાભાર્થી પરિવારો, વિન્ગ દાતા, રૂમ તથા ફર્નિચર દાતા, અતિથિ તેમજ સ્થાનિકે રહી દેરાસરનું ધ્યાન રાખતા પરિવારોનું યોગદાન માટે ટ્રસ્ટ અને મહાજન સદાય ઋણી રહેશે. જખૌના સ્થાનિક આગેવાનો પ્રસંગને પોતાનું સમજી આચાર્ય ભગવંતના સામૈયામાં શામેલ થયા હતા અને ચડતા ભાવે ભાગ લીધેલ એ પણ ધન્યવાદને પાત્ર છે. દેરાસરના સ્ટાફે પણ દિવસ રાત જોયા વગર યાત્રિકોની સગવડ સાચવી હતી. ધજા ચડાવવામાં ચડાવાની વ્યવસ્થા શ્રી શંકરભાઇ તથા ટીમે સાંભળી હતી.

પર્યુષણ અને ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૨૩માં શતકોત્તર અમૃત મહોત્સવ ઉજવવામાં આવનાર ત્રિહાનિકા મહોત્સવમાં જોડાવાના કોલ સાથે બધા છુટા પડ્યા હતા.










# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૮ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

















# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૮ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ










# શ્રી જખૌ રત્નટુંક તીર્થનું ૧૭૬ મો ધ્વજા મહોત્સવ
## અને નૂતન અતિથિગૃહનું નામકરણ સમારંભ

### અષ્ટપ્રકારી પૂજા સેટના દાતા



### ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ભંડારાના દાતા




### સાધર્મિક ભક્તિ













# ARIHANT BANK
**SHRI ARIHANT CO-OP. BANK LTD.**

ACBL Estd. 1984

## With **LOWEST INTEREST** Rates, we are still very much **Co-operative**

| | | | | |
|---|---|---|---|---|
| HOME LOAN *7.99% (p.a.) | 2 WHEELER LOAN *7.99% (p.a.) | CAR LOAN *7.99% (p.a.) | PRE OWNED CAR LOAN *9.49% (p.a.) | eAUTO LOAN *7.99% (p.a.) |
| COMMERCIAL VEHICLE LOAN *9.49% (p.a.) | PRE OWNED CV LOAN *9.99% (p.a.) | EDUCATION LOAN *8.49% (p.a.) | TRADE LOAN *8.49% (p.a.) | LOAN AGAINST PROPERTY *9.49% (p.a.) |
| MORTGAGE LOAN *7.99% (p.a.) | COMMERCIAL (CRE) LOAN *8.49% (p.a.) | LOAN AGAINST INSURANCE POLICY *7.75% (p.a.) | GOLD LOAN *7.99% (p.a.) | MACHINES LOAN *8.49% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or


**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# ૧૦ વર્ષના બાળ લેખક વિહાન સાયલાને 'યુનિક બર્થ ડે સેલિબ્રેશન' પુસ્તક લખવા માટે પ્રથમ ઈનામ મળ્યું









બ્રિબુક્સ ડોટ કોમ દ્વારા આયોજિત વિશ્વના સૌથી મોટા પુસ્તક લેખન મહા ઉત્સવમાં વિશ્વભરના અનેક બાળકોએ ભાગ લીધો હતો. સમગ્ર દેશભરમાંથી ૩ હજાર શાળાના એક લાખ બાળકો સહભાગી થયાં હતાં. જેમાં રાજ્ય મુજબની કેટેગરી સ્પર્ધામાં હૈદ્રાબાદની પેબલક્રીક લાઈફ સ્કૂલના મૂળ સુથરી હાલે હૈદ્રાબાદના વિદ્યાર્થી વિહાન અતુલ હંસકુમાર શાહ-સાયલાને Unique Birthday Celebration યુનિક બર્થડે સેલિબ્રેશન નામથી પુસ્તક લખવા બદલ તેલગંણા રાજ્યમાં પ્રથમ ઈનામ મેળવ્યું છે.



આ પુસ્તક તેમના પિતરાઈ ભાઈઓએ કોવિડના કપરા સમયકાળ દરમ્યાન હૈદ્રાબાદના નહેરૂ ઝૂઓલોજિકલ પાર્કમાં જંગલી પ્રાણીઓ અને પક્ષીઓને દત્તક લઈને જન્મદિવસની ઉજવણી કરી હતી એ સત્યઘટના આધારિત છે.

માસ્ટર વિહાન શાહ-સાયલાનું પુસ્તક ડિઝની એચ.ડી.ઈન્ટરનેશનલ, એનડીટીવી, ૨૪×૭ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, લિસ્ટીંગ ઈઝ ક્રોસવર્ડ બુક સ્ટોર અને બ્રિબુક્સ દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત એવોર્ડ માટે અધિકૃત એન્ટ્રી કરી છે. તેણે ૧ પ્લેટિનમ, ૨ ગોલ્ડ અને ૨ સિલ્વર મેડલ પણ જીત્યાં છે.

બાળ લેખક વિહાનએ ધ ખાખરા સ્ટોરી નામે પુસ્તક પણ લખ્યું છે. વાર્તા લેખનના અનુભવના દસ્તાવેજીકરણથી લઈને પુસ્તકની સંરચના અને પ્રકાશન સુધીની સમગ્ર પ્રક્રિયાનું દરેક પગલું વિહાન માટે એક પરિપૂર્ણ અને શીખવવાનો અનુભવ રહ્યો છે.

આપણે સૌ આપણી જ્ઞાતિના બાળ લેખકનું પુસ્તક ખરીદીને તેને ટેકો અને પ્રોત્સાહન આપી શકીએ છીએ. હવે આગામી સમય દરમ્યાન વિહાન સાયલા રાષ્ટ્રીય સ્પર્ધા માટેની તૈયારી કરી રહ્યો છે.

લિટલ રાઈટર વિહાનને સમસ્ત મહાજન અને મીડિયા કમિટી તરફથી નાની વયે ઉચ્ચતમ સિધ્ધિ પ્રાપ્ત કરવા માટે હાર્દિક અભિનંદન સાથે ભવિષ્ય પોતાની કલમ દ્વારા અવલ સિધ્ધિ શિખર પ્રાપ્ત કરી પરિવાર, જ્ઞાતિ અને દેશનું નામ વિશ્વભરમાં રોશન કરે એ શુભકામના આપે છે.

## શ્રી કેડીઓ જૈન મહાજન યવતમાલની કારોબારીમાં નવા પદાધિકારીઓની નિમણુંક કરાઈ

શ્રી ક.દ.ઓ.જૈન મહાજન યવતમાલની મિટીંગ શનિવાર, તા.૮ જુલાઈ ૨૦૨૩ના વિક્રમભાઈ ધરમશીની અધ્યક્ષતામાં મળેલ. જેમાં મહાજનના આધારસ્તંભ અશ્વિનભાઈ ધરમશીનું નિધન થતાં તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ અને તેમના દ્વારા કરાયેલ સેવા કાર્યોની નોંધ લેવાઈ હતી. મહાજનની કારોબારી સમિતિમાં કીર્તિકુમાર શામજી નાગડાની ઉપપ્રમુખ પદે તેમજ વિમલ વીરચંદ મૈશેરીની સેક્રેટરી પદે નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહારાષ્ટ્ર એકમ માટે કારોબારી સભ્ય તરીકે મનિષ વિક્રમભાઈ ધરમશી અને આમંત્રિત સભ્ય તરીકે નિલેશ દિનેશચંદ્ર લોડાયાની વરણી કરવામાં આવેલ હતી. આજના મિટીંગમાં મહાજનના સર્વે સભ્યો હાજર રહ્યાં હતાં. મિટીંગ અંતે હાઈ-ટી લઈ સૌ છૂટા પડ્યાં હતાં.

# રાષ્ટ્રના ગૌરવગાથા પ્રોજેક્ટ ચંદ્રયાન-૩ મિશનમાં જ્ઞાતિના ઉદ્યોગ સાહસિકોનું મહત્વનું યોગદાન ગૌરવપૂર્ણ છે






તા.૧૪ જુલાઈ શુક્રવાર બપોરે ૨.૩૫ કલાકે આંધ્રપ્રદેશ રાજ્યના શ્રી હરિકોટાના સતિશ ધવન સ્પેસ સેન્ટરના લોન્ચ પેડ પરથી ઉડાન ભરી. અંદાજે ૬૦૦ કરોડના ખર્ચનો પ્રોજેક્ટ ભારતીય અવકાશ વૈજ્ઞાનિકોનું જ્ઞાન, પરિશ્રમની સિધ્ધિ અને દેશનું ગૌરવ ઉન્નત કરે એવું છે. અમેરિકા, રશિયા અને ચીન પછી ચોથું રાષ્ટ્ર ભારત ચંદ્ર સંશોધનમાં સામેલ થયું છે. ૩૯૦૦ કિલો ગ્રામ વજનના વિક્રમ નામના લેન્ડર અને પ્રજ્ઞાન નામે રોવર ૪૦ દિવસ પછી એટલે કે તા.૨૩ ઓગસ્ટ બુધવારે સાંજે ૫.૪૭ વાગે ચંદ્રની સપાટી પર સોફ્ટ લેન્ડિંગ કરશે.

ઈસરોના ચેરમેન એસ.સોમનાથના માર્ગદર્શન અને વરિષ્ઠ વૈજ્ઞાનિક જી.માધવન નાયરના નેતૃત્વમાં પુરૂષો વૈજ્ઞાનિક સાથો સાથ ૫૪ જેટલી ફીમેલ એન્જિનિયર્સ અને સાયન્ટિસ્ટસો આ મિશનમાં કામ કર્યું છે. જુદા જુદા સેન્ટર્સ ખાતે ફરજ પર રહેલી જુદી જુદી સિસ્ટમ્સમાં એસોસિએટસ ડેપ્યુટી પ્રોજેક્ટ ડિરેક્ટર્સઅને પ્રોડજેક્ટ મેનેજર્સ તરીકે તેઓ છે. આમાં અગાઉના મંગળયાન મિશનના ડેપ્યુટી ઓપરેશન ડાયરેક્ટર રહી ચૂકેલા મૂળ લખનૌના રિતુ કરિધામ મુખ્ય છે. ચંદ્રયાન ૩ના મિશન ડિરેક્ટર તરીકે મહત્વની ભૂમિકા ભજવી છે. તેઓ ભારતના રોકેટ વુમન તરીકે ઓળખ ધરાવે છે.

ચંદ્રયાન મિશનમાં ભારતની મહિલા વૈજ્ઞાનિકોના ફાળા ઉપરાંત તેના મહત્વના ઉપકરણો-સંસાધનો પાર્ટસનો પુરવઠો પુરનાર ક.દ.ઓ.જ્ઞાતિના મહિલા સાહસિક ઉદ્યોગપતિ મૂળ વરાડીયા-ખામગામના ગીતિકાબેન જયેશ દામજી વિકમશીના નેતૃત્વની વિકમશી ફેબ્રિક્સ પ્રા.લિમીટેડ દ્વારા ઉત્પાદિત પાર્ટસનો મહત્વનો ફાળો રહ્યો છે.

દેશના આ ગૌરવ પ્રોજેકટમાં જ્ઞાતિના ધરમશી પરિવારના ઉદ્યોગ સમૂહ એચ.ડી.ફાયર ગ્રુપ ઉત્પાદિત પાર્ટસ પૂરા પાડ્યા હતો. એચ.ડી.વર્ષા નોઝલનો ઉપયોગ ચંદ્રયાન-૩ પ્રોજેક્ટ દરમ્યાન લોન્ચ પેડ પર કરવામાં આવ્યો હતો. જેનો ઉપયોગ વધુ પડતા અવાજને કંટ્રોલ કરવા માટે થાય છે. ચંદ્રયાનના ટેક ઓફની ૩ સેકન્ડ પહેલા વોટર જેટ ૨૫૦૦૦૦ Imp હોય છે. આ અગાઉના ચંદ્રયાન-૨ પ્રોજેક્ટમાં પણ એમના દ્વારા ઉત્પાદિત પ્રોડક્ટસનો વાપર થયો હતો.




ચંદ્રયાન મિશનમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા બદલ વિકમશી અને દેશના ગૌરવ ગાથામાં હિસ્સો બનવા બદલ એચ.ડી.ફાયર કુંના ધરમશી પરિવારનું અમૂલ્ય યોગદાન જ્ઞાતિ માટે ગૌરવ પૂર્ણ છે. સમગ્ર પરિવાર માટે જ્ઞાતિ ગૌરવ અનુભવે છે અને દેશના ગૌરવ કાર્યોમાં જ્ઞાતિના બંન્ને ઉદ્યોગ સમૂહ સતત સહભાગી થવાની સિધ્ધિ મેળવે એ શુભેચ્છા.

# દિગ્રસ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શત્રુંજય મહાતીર્થની ભાવયાત્રાનું આયોજન થયું



તા.૯ જુલાઈ રવિવારના દિને સવારે ૯ કલાકે પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં શ્રી શત્રુંજ્ય મહાતીર્થની ભાવયાત્રાનું નૂતન ઉપાશ્રય, ગઢી મેદાન દિગ્રસ ખાતે યોજાઈ. લાભાર્થી માતુશ્રી શાંતાબાઈ નેમીચંદ કોઠારી અને માતુશ્રી સુશીલાબાઈ ગ્યાનચંદ કોઠારી પરિવાર હતા.

શ્રી ચિંતામણિ દેરાસરથી લાભાર્થી પરિવારને ઉપાશ્રયમાં લઈ જવા સકળ સંઘના બહુ મોટી સંખ્યામાં ભાવિક શ્રાવક શ્રાવિકાઓ સવારે ૮ કલાકે ઉત્સાહપૂર્વક પધાર્યા હતા. ભાવયાત્રા કાર્યક્રમ આનંદમય, મંગલમય, સંગીતમય રીતે ધાર્મિક વાતાવરણમાં ઉપસ્થિત સૌનું મન મોહી લીધું હતું. ભાવયાત્રા બાદ સ્વામી વાત્સલ્યનો લાભ સૌએ લીધો હતો.

# ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપમાં વર્ધમાન શક્રસ્તવ અભિષેકના ધર્મ આરાધનાઓ થઈ





શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ ભાંડુપમાં પ.પૂ.મુનિરાજ શ્રી આગમોદયસાગરજી મ.સા. તથા પ.પૂ.મુનિરાજશ્રી મહોત્સવ રક્ષિત સાગરજી મ.સા.ની શુભકારી નિશ્રામાં તા.૧૨ જુલાઈ બુધવારના રોજે વર્ધમાન શક્રસ્તવ અભિષેક દ્વારા ધર્મ આરાધનાઓ કરાઈ. લાભાર્થી પુષ્પાબેન દામજી લોડાયા પરિવાર બાંડીયા હતા.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સુથરી તીર્થે દાતા પરિવાર દ્વારા ઓમ નમો દેવ દેવાય ૬ઠ્ઠું સ્મરણ આલેખાયેલ પટ અર્પણ થયું





અબડાસા વિભાગના સોનથરી ગામ સુથરી તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સુથરી સંઘને દાતા પરિવાર તરફથી ઓમ નમો દેવ દેવાય ૬ ઠ્ઠું સ્મરણ આલેખાયેલ પટ અર્પણ કરાયેલ હતું. અર્પણ વિધિ અગાઉ તે પટની અષ્ટપ્રકારી વિધિ કરાયેલ હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વિમલાબેન લોડાયા**
તા.૧૦ જુલાઈ (ઉ.૬૮)
નલિયા-સોલાપુર



**ગુણવંતીબેન ખોના**
તા.૧૦ જુલાઈ (ઉ.૬૭)
સાંધવ-અમદાવાદ




**જવેરીબાઈ મોમાયા**
તા.૧૦ જુલાઈ (ઉ.૯૨)
હુબલી-સાંયરા



**લીલાવંતીબેન લોડાયા**
તા.૧૨ જુલાઈ (ઉ.૯)
તેરા-મુલુંડ



**દમયંતીબેન ખોના**
તા.૧૨ જુલાઈ (ઉ.૭૩)
નલિયા-અમદાવાદ




**નિર્મલાબેન સોની**
તા.૧૩ જુલાઈ (ઉ.૭૩)
સુથરી-મુલુંડ



**હિરાચંદ છેડા**
તા.૧૪ જુલાઈ (ઉ.૭૨)
વારાપધર-ડોંબિવલી



**પ્રેમિલાબેન નાગડા**
તા.૧૪ જુલાઈ (ઉ.૬૦)
તેરા-ગાંધીધામ



**સુરેશભાઈ કુરુવા**
તા.૧૫ જુલાઈ (ઉ.૬૬)
ગોધરા-કુમઠા



**હિતેશ લોડાયા**
તા.૧૫ જુલાઈ (ઉ.૩૮)
રાપરગઢવારી-હૈદરાબાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

|| સોનથરી તીર્થમંડન શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||



# શ્રી સુથરી જૈન સંઘ

## हितकारी ज्ञान संस्कार शिबीर

**વહીવટી કાર્યાલય:** C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ),
મુંબઇ - 400 080. સંપર્ક નં. 9833585280 ઇ-મેલ: vrlodaya@gmail.com

**તીર્થ પેઢી:** સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-370490. મો. 9726213827

શ્રી સોનથરી તીર્થમંડન **શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના** દરબારે, આચાર્ય ભગવંતોના અમી આશિર્વાદે, પ.પૂ.સાધ્વી **શ્રી મહાયશાશ્રીજી મ.સા.** અને પ.પૂ.સાધ્વી **શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.**, પ.પૂ.સાધ્વી **શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.**ની ચાતુર્માસ નિશ્રાએ **શ્રી સુથરી જૈન સંઘ** દ્વારા આયોજિત **હિતકારી જ્ઞાન-સંસ્કાર શિબીર** માટે ભાગ લેનાર વ્યક્તિઓએ દીવાળી વેકેશન માદરે વતન કચ્છ-સુથરી તીર્થે જ્ઞાન વૃદ્ધિ માટે પધારો...

**શિબીર પ્રારંભ**
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ-૧૪
શનિવાર, તા. ૧૧.૧૧.૨૦૨૩




**શિબીર પૂર્ણાહુતિ - બહુમાન**
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ-૬
શનિવાર, તા. ૧૮.૧૧.૨૦૨૩

**બાળકો-બાલિકાઓ:**
વય મર્યાદા ૫ વર્ષ થી ૧૫ વર્ષ
**સુથરી ગામની નિયાણીઓ-વહુઆરી (પુત્રવધુ):**
વય મર્યાદા ૧૬ વર્ષ થી ૪૫ વર્ષ

### સાથે શું લાવશો ?

- પૂજાના વસ્ત્રો
- સામાઇકના ઉપકરણો, સફેદ ડ્રેસ
- મર્યાદાપૂર્ણ વસ્ત્રો

### પરત શું લઇ જશો ?

1. સદ્‌ગુણની સૌરભ
2. સંસ્કારની સરગમ
3. સદાચારનું સૌંદર્ય
4. સુશીલતાની સરિતા
5. સદ્‌ગુરૂના શુભાશિષ

**આવો તમારા ગુણોને, ક્ષમતાને ઓળખો, વ્યક્તિત્વને નિખારો...**
**અલ્પ સમય આપશો, અનંત પામશો...**

**શયન ત્યાગ:** સવારના ૫:૦૦ કલાકેથી રાત્રે ૯:૩૦ કલાક સુધી નિયત કરેલ સમયે યોગ, જિન દર્શન-જિન પૂજા, સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન, જ્ઞાન ગોષ્ઠિ, પ્રતિક્રમણ, ભાવના, ધાર્મિક અંતાક્ષરી, ક્વીઝ, હાઉસી જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

ત્વરીત નીચે આપેલ ફોર્મ ભરીને ઉપરોક્ત મુંબઇ કાર્યાલયે, ઇ-મેલથી અથવા સુથરી કાર્યાલયે મોકલાવશોજી. શિબીરાર્થીઓને આવવા-જવાની રેલ્વે ટિકીટોશ્રી સંઘ/લાભાર્થી પરિવાર તરફથી શ્રી સુથરી તીર્થે આપવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત શિબિરાર્થીઓને જ સ્વીકારવામાં આવશે. ફોર્મ ભરવાની અંતિમ તારીખ **શુક્રવાર, તા. ૧૫.૦૯.૨૦૨૩.** કાર્યક્રમના ફેરબદલનો **શ્રી સુથરી જૈન સંઘ**ને હક્ક રહેશે.

નામ: ____________________

ગામ: ________ જન્મ તારીખ: ________ ઉંમર: ________

સરનામું: ____________________

મોબાઇલ નં. (૧) માતા-પિતા: ________ (૨) શિબીરાર્થી: ________

ધાર્મિક અભ્યાસ: ____________________

સ્કૂલ/કોલેજ અભ્યાસ: ____________________

અગાઉ શિબીરમાં ગયા છો ? હા ☐ ના ☐ કેટલી વાર ?: ________

ધાર્મિક આરાધનામાં શું-શું કર્યું છે ? ____________________

સેમીનારના બધા નિયમોનું પાલન કરશો ? હા ☐ ના ☐ કેટલા ભાઇ-બહેન છો ?: ભાઇ ☐ બહેન ☐

તમારા શોખ: ____________________

માતા-પિતાની સહી ________ શિબીરાર્થીની સહી ________



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છમાં કલેક્ટર તરીકે હાજર થયેલા અમિત અરોડાના કારણે જિલ્લાને એક વિશેષ ફાયદો થયો છે. તેમના પત્ની અને વીજ કંપનીમાં જોઈન્ટ એમ.ડી. પ્રીતિ શર્માને કચ્છમાંથી ફરજ બજાવવાનો સરકારે હુકમ કર્યો છે. સનદી અધિકારી પતિ પત્ની બંન્ને સરકારમાં ફરજ બજાવતા હોય તો બંન્ને એક જ વિસ્તારમાં અથવા એક જિલ્લામાં સાથે રાખવાનો સરકારનો નિયમ છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટરની જગ્યા રાજકોટ કોર્પોરેટ ઓફિસમાં છે. કચ્છમાં બે સર્કલ છે જેના અધીક્ષક ઈજનેર બંન્ને અલગ અલગ છે. પરંતુ કચ્છમાં જોઈન્ટ એમ.ડી.ની જગ્યા નથી એવા સંજોગોમાં સરકારે ખાસ કિસ્સામાં વિશેષ જગ્યા ઊભી કરીને ભુજ, અંજાર અને મોરબી એક ત્રણ સર્કલની જવાબદારી પ્રીતિ શર્માને સોંપી કચ્છમાંથી ફરજ બજાવવાની વ્યવસ્થા કરી આપતા કચ્છના વીજ તંત્રને પહેલી વખત જોઈન્ટ એમ. ડી. કક્ષાના મહિલા અધિકારીનો લાભ મળ્યો છે.

● અબડાસાના તેરા ગામે ટીટોડીએ ઊંચાણવાળા વિસ્તારમાં ઈંડાં મૂકતાં આગામી ચોમાસા દરમ્યાન સચરાચર વરસાદના એંધાણ વર્તાઈ રહ્યાં છે. તેરા ગામના સિકંદર મંધરાના જણાવ્યા મુજબ ટિટોડીએ બેલા ડેમના ઊંચાણવાળા પટમાં ગત સાલની જેમ ઈંડાં મૂક્યાં હોવાથી શ્રીકાર વરસાદના વર્તારા છે. સામાન્ય રીતે ટિટોડી તળાવ, નદી કે ડેમના પટમાં વચ્ચે ઈંડાં મુકે તો વરસાદની શક્યતા નહીંવત હોય છે. જ્યારે ઊંચાણવાળા વિસ્તારમાં ઈંડાં મૂકે છે, ચોમાસું સારું જાય એવી માન્યતા છે.

● પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં કચ્છમાં આવેલા સંયુક્ત મેનેજિંગ ડિરેક્ટર પ્રીતિ શર્મા જાતે ૪૩ ડિગ્રી ગરમીમાં કચ્છના પીવાના પાણીના વીજ ફીડરોના ચોમાસા પહેલા મરમત કરવા જાતે દોડી જાય છે. તેમણે તાત્કાલિક અસરથી અંજાર અને ભુજ સર્કલના પોણા બસ્સો જેટલાં ફીડરોનું મરમત કાર્ય શરૂ કરવાની સૂચના આપી હતી. પોતે મહિલા હોવા છતાં વીજ તંત્રની ટીમને સાથે રાખી પાણી પુરવઠાને લગતા વીજ ફીડરો પર જઈને કામ ચાલુ કરાવ્યું હતું. તેઓ કચ્છમાં કલેક્ટર તરીકે નિયુક્ત થયેલ અમિત અરોડાના પત્ની છે. તેમણે જણાવ્યું કે હું ભલે મહિલા છું પરંતુ મારૂં કામ છે તે કરીશ. ટ્રાન્સફોર્મર પોતે જાતે પણ બદલવામાં ક્યાં પાછી પાની નથી કરતાં.

● પોરબંદર નગરપાલિકા સંચાલિત મહારાણા નટવર સિંહજી આર્ટ ગેલેરી ખાતે ગેલેરીના સાતમો રંગોત્સવ ૨૦૨૩ કલા પ્રદર્શનનું આયોજન કરાયું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૨૪૪ કલાકૃતિ સ્પર્ધક તરીકે આવી હતી. જેમાંથી બેસ્ટ પ્રોટેઈટનો એવોર્ડ ભુજના કવિતા બી.સોનીને મળ્યો હતો. આ પ્રદર્શનમાં પેઈન્ટિંગ્સ, શિલ્પ તથા ફોટોગ્રાફીની અદ્‌ભૂત ૮૩ કલા કૃતિઓને સ્થાન મળ્યું હતું.

● ૧૨૫ વર્ષની ઉજ્જ્વળ કારકિર્દી ધરાવતા દિલ્હીના ગુજરાતી સમાજ ખાસ કરીને એના અતિથિગૃહને લીધે સમગ્ર ભારતમાં વિશેષ ઓળખ ધરાવે છે. વર્ષ ૨૦૦૩-૦૪માં વડીલ પરિવારની સ્થાપના કરી ત્યારથી લઈને છેલ્લા વીસ વર્ષ દરમ્યાન ૧૫૬ વડીલોનું સન્માન કર્યું છે. આ કડીમાં આ વર્ષે ૮૨થી ૯૨ વર્ષના કુલ્લ ૪૫ વડીલોનું સન્માન કરાયું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ મોરપેન લેબોરેટેરીઝના ચેરમેન તથા મેનેજીંગ ડાયરેક્ટર સુશીલ સુરી અને તેમના ધર્મપત્ની હતા. વડીલોએ સમૂહ નૃત્યગાન પ્રસ્તુત કર્યું હતું. કચ્છના વતની હંસરાજભાઈ કંસારા પરિવાર સહિત છેલ્લા ૬૦ વર્ષથી દિલ્હીમાં વસવાટ કરે છે. ગુજરાતી સમાજે ૮૯ વર્ષીય હંસરાજભાઈ કંસારાનું સન્માન કર્યું હતું. તેમના પુત્ર પરેશકુમાર કંસારા જેઓ ઘણા વર્ષથી સમાજના સંનિષ્ઠ કાર્યકર્તા છે. તેમજ વડીલ પરિવાર સન્માન આયોજન સમિતિના સંયોજક તરીકે સેવા આપી હતી. હંસરાજભાઈના જ્યેષ્ઠ પુત્ર કચ્છના લોકપ્રિય દૈનિક કચ્છમિત્રના મેનેજર પદે છે.




insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA